# ૩ પાણી જ પાણી !

R9W6X2

## પાણી

પાણી તમે ના બગાડો, આ પાણી અણમોલ છે.
જીવતરનો એના વગર છેડો, આ પાણી અણમોલ છે.
ઝરમર, ઝરમર, વરસાદ વરસતો;
નદીઓ, નાળાં ને તળાવ છલકાવતો;
સાગરમાં ચડતો થઈ ઘોડો, આ પાણી અણમોલ છે.
હિમગિરિની ટોચે એ બરફ થઈ બેસતું,
એને ઉકાળતાં વરાળ થઈ ઊડતું;
ઝરણાંના ગીત ના છોડો, આ પાણી અણમોલ છે.
ખેતી-વાડી ને ઝાડવાં જીવાડતું,
પશુ-પંખીને પ્રેમથી એ પોષતું;
માનવીની રગરગમાં દોડે, આ પાણી અણમોલ છે.
દુકાળના દુઃખભર્યા, દા'ડા દેખાડતું,
પૂરની પ્રચંડતાએ હૈયું હલાવતું;
કૂવા, નળ, ડંકીમાં ડોકાતું, આ પાણી અણમોલ છે.

- રાજુ કાગ
(મિયાલ)

બાળકો વર્ગમાં તેમના પ્રદેશમાં પાણી માટે ગવાતાં ગીતો અને કવિતા ગાઈ શકે. આ પ્રવૃત્તિ તેમને જાતિ અને સંસ્કૃતિની વધારે નજીક લાવશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ શું તમે પાણી (water-વૉટર) પર કોઈ ગીત કે કવિતા જાણો છો ? વર્ગમાં ગાઓ.

❇ પાણી શું કરી શકે છે, આ કવિતામાં તેવી કઈ-કઈ બાબતો છે ?



## વિચારો અને લખો :

❇ જ્યાં પાણી જરૂરી હોય તેના માટે ☑ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| રમત રમવામાં | ☐ | ગાવામાં | ☐ | હોડી ચલાવવામાં | ☐ |
| લખવામાં | ☐ | ચા બનાવવા | ☐ | માટી ગૂંદવા | ☐ |
| પંખો ચલાવવા | ☐ | ચિત્ર બનાવવા | ☐ | વૃક્ષો ઉગાડવાં | ☐ |



## વિચારો અને લખો :

- પાણી વગર તમે શું કરી શકો ?

☐ ☐ ☐ ☐

- પાણી વગર તમે શું ન કરી શકો ?

☐ ☐ ☐ ☐

## ❇ પાણી : વધારે અથવા ઓછું

નીચેની પ્રવૃત્તિઓને પાણીની જરૂરિયાત મુજબ ગોઠવો. જે કામમાં વધારે પાણી જોઈએ તેનાથી શરૂઆત કરો.

| સ્નાન કરવા | પીવા માટે | ઘર સાફ કરવા | ખેતરમાં પાણી આપવા | માટી ગૂંદવા | રાંધવા |
|---|---|---|---|---|---|

૧. ☐ ૨. ☐ ૩. ☐

૪. ☐ ૫. ☐ ૬. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ❇ પાણી ક્યાંથી મળે ?

નદી, તળાવ અને ઝરણાંઓ વિશે ગીત ગાયું. આપણે વિવિધ જગ્યાએથી પાણી મેળવીએ છીએ. તમે વપરાશ માટે પાણી ક્યાંથી મેળવો છો ?

J5Q6U1

પાણી મેળવવા તમારા ઘર કે આજુબાજુ જે જગ્યાઓ હોય, તેના પર ◯ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| તળાવ | કૂવો | ટ્યૂબવેલ | જળધોધ | હેન્ડપંપ | નદી |
| ઝરણું | નળ | ટાંકી | દરિયો | ગરમ પાણીના ઝરા | |



## વિચારો અને લખો :

❇ શું તમે જમીનમાંથી ગરમ (hot-હોટ) પાણી બહાર આવતું જોયું છે ? ક્યાં ?

______________________________

______________________________

❇ તમારા શહેરમાંથી કે ગામમાંથી કોઈ નદી પસાર થાય છે ? જો હા તો, આ નદીનું નામ લખો.

______________________________

______________________________

❇ તમે જાણતા હોય તેવી બીજી નદીઓનાં નામ લખો.

______________________________

______________________________



## વિચારો અને કહો :

❇ ઘરમાં તમે પીવાનું પાણી ક્યાંથી મેળવો છો ?

❇ તમારે પાણી મેળવવા ક્યાં જવું પડે છે ?

❇ પાણી લાવવા માટે કેટલો સમય લાગે છે ?

❇ આપણે પાણીનો સંગ્રહ કરવાની જરૂર કેમ છે ?

❇ તમારા ઘરમાં પાણીનો સંગ્રહ ક્યાં થાય છે ?

❇ શું તમારી અને પડોશીની પાણી લાવવાની જગ્યા જુદી-જુદી છે ? કેમ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## રંગ પૂરો :

❇ તમારા ઘરમાં પાણીનો સંગ્રહ કરવા વપરાતાં વાસણમાં રંગ પૂરો.



❇ તમારી નોટબુકમાં બીજાં પાત્રોનાં ચિત્રો દોરો.

તમે ઘરમાં પાણી સંગ્રહ કરવા વાપરતાં હોય, તેવાં પાત્રોનાં નામ પણ લખો.

ચિત્રોને જુઓ : જો આપણે તેમાં પાણી ભરીએ તો-

૧. સૌથી ઓછું પાણી સંગ્રહ શામાં થાય છે ? ____

૨. સૌથી વધારે પાણી સંગ્રહ શામાં થાય છે ? ____


૩. કયા-કયા પાત્રમાં સરખું પાણી ભરી શકાય ? ____



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચકુ વ્યાકુળ છે !

ઋચન અને ચકુને ખૂબ જ તરસ લાગી હતી. તેમના કાકાએ બંનેને કેરીનો બાફલો સ્ટીલના પ્યાલામાં આપ્યો. પરંતુ ચકુને બાફલો કાચના પ્યાલામાં પીવો હતો. તેના કાકાએ બાફલો કાચના પ્યાલામાં આપ્યો. પરંતુ ચકુ ખુશ ન હતી. તેણે ફરિયાદ કરી : કાકા, તમે મને ઓછો બાફલો આપ્યો.



## ચર્ચા કરો અને કહો :

શું ચકુના કાચના પ્યાલામાં ઓછો બાફલો હતો ?

જ્યાંથી પાણી મળી આવે છે, તેવાં સાત નામ શોધી ☐ અને લખો:

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | જ | ળ | ધો | ધ | પા |
| ઝ | મ | વા | ત | ળા | વ |
| ર | લા | દ | રિ | યો | ન |
| ણું | કૂ | વો | પિ | સ | દી |
| રા | ટ | યુ | બ | વે | લ |

જળધોધ

આ પ્રવૃત્તિનું વર્ગમાં નિદર્શન કરો. બાળકોને નિરીક્ષણ કરવાની અને પ્રશ્નોના જવાબ આપવાની તક આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજાથી અલગ હોય તેના પર ◯ કરો. કઈ રીતે અલગ છે. ચર્ચા કરો.

- નદી, પર્વત, તળાવ, ઝરણું, સરોવર
- માછલી, બતક, વાંદરો, મગર, કાચબો
- મોટરગાડી, હોડી, બસ, આગગાડી, સાઈકલ
- સ્નાન કરવામાં, કપડાં ધોવામાં, તરવામાં, વાળ ઓળવામાં, માટી ગૂંદવા

## રંગોની રમત :

એક કાગળ લો. કાગળને વચ્ચેથી વાળો. હવે તેને ખોલો. તેના ઉપર જુદા-જુદા રંગોનાં ટીપાં મૂકો. કાગળને ફરી વાળો અને તેને દબાવો. કાગળ ખોલો. જુઓ ! તમે શું બનાવ્યું ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in